R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬
અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા
http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 19•ISSUE: 18 DATE: 02-05-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭





## નેપાળમાં આવેલ ધરતીકંપે કાઠમંડુ સહિતના કેટલાક વિસ્તારોને ભારે નુકસાન પહોચાડ્યુ, મૃત્યુઆંક અંદાજવો મુશ્કેલ છે

પાડોશી રાજ્ય નેપાળમાં આવેલ ભુકંપે સમગ્ર નેપાળમાં તબાહી મચાવી મુકી છે.ભુસ્તરશાસ્ત્રીઓના જણાવ્યા મુજબ નેપાળ પર ત્રાટકેલા ૭.૯ની તીવ્રતાના ભુંકંપની શક્તિ ૨૦ પરમાણું બોંબ જેટલી હતી.બીજા વિશ્વયુધ્ધ વખતે જાપાનના નાગાસાકી અને હિરોશિમા પર ઝીંકાયેલા પરમાણું બોંબ કરતાં ભુકંપની શક્તિ અનેકગણી હતી.નેપાળમાં ટનબંધ કાટમાળ નીચે ફસાયેલા જીવિત લોકોને બચાવવા માટે ઘણા દેશોના સ્નિફર ડોગ અને બચાવ ટુકડીઓ એડીચોડીનું જોર લગાવી રહી છે. ભારતના ડીઝાસ્ટર રીલીફ ફોર્સના ૭૦૦ થી વધુ જવાનો આ કાર્યમાં મદદ કરી રહ્યા છે.પરંતુ બચાવ માટે પુરતા પ્રમાણમાં તે પુરતાં નથી.ભારતીય વાયુસેનાના વિમાનો,સેનાના હેલીકોપ્ટરો અને ટેકનિકલ વિંગ નેપાળને રાહત અને બચાવકાર્યમાં મદદ કરી રહ્યા છે. નેપાળે રાહત અને બચાવ કામગીરી માટે તેની આખી સેનાને સડકો પર ઉતારી દીધી છે.

નેપાળના વિસ્તારોને બાદ કરતાં બિહારના કેટલાક વિસ્તારોમાં અને પશ્ચિમ બંગાળમાં ધરતીકંપના આંચકા આવ્યા હતા. નેપાળમાં પ્રવાસે ગયેલા ૪૦ હજારથી વધુ ભારતીયો તેમને પાછા ફરવા માટે સરકારી મદદની રાહ જોઈ રહ્યા છે.કાઠમાંડુમાં ફસાયેલ લોકો માટે ખોરાક પાણીની અછત છે અને ખુલ્લા આકાશ નીચે,ઠંડી અને વરસાદનો સામનો કરી રહ્યા છે.વિજળી અને પાણીની અછતે લોકો માટે જીવન વધુ તકલીફો વાળું બનાવ્યું છે.નેપાળમાં ૬૬ લાખ લોકો ધરતીકંપથી પ્રભાવિત થયા છે.જેમાં ૧૦ લાખ બાળકોનો સમાવેશ થાય છે.ભુકંપ ગ્રસ્ત નેપાળમાંથી વહેલી તકે ભારત પાછા ફરવા માંગતા ભારતીય પ્રવાસીઓ પોતાને વહેલી સવગડ મળે માટે અંદરો અંદર લડી રહ્યા છે.

નેપાળના વિનાશક ભુકંપમાં થયેલા માનવીય અને સાંસ્કૃતિક નુકશાનનો કોઈ અંદાજ નથી. અને તે સદીઓ સુધી ભરપાઈ કરી શકાય તેમ નથી.પરંતુ ભુકંપથી ધ્વંશ થઈ ગયેલા ઐતિહાસિક ટાવર પાસે સેલ્ફી પડાવવાનો લોકોને રસ લાગ્યો છે.ભુકંપે નવ માળના ટાવરને જમીનદોસ્ત કરી દીધો છે.૧૮મી સદીમાં નેપાળના શાસકો દ્વારા બાંધવામાં આવેલો આ ટાવર દેશના સૌથી સંચયિત સ્મારક હતો.નેપાળને ફરી બેઠું થતા ખાસ્સો એવો સમય જોઈશે.નેપાળનો ભવ્ય વારસો અને ટુરીઝમ ભુકંપમાં નષ્ટ થઈ ગયા છે.પશુપતિનાથ મંદિર સુરક્ષિત છે.પરંતુ તે સિવાયના મોટાભાગના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસો ધ્વંશ થઈ ગયો છે.નેપાળમાં દર વર્ષે ૧૦ લાખ જેટલા પ્રવાસીઓ આવે છે અને જેના કારણે પર્યટન ઉદ્યોગ ૪૦૦ કરોડ રુપીયાનો બિઝનેસ કરે છે.ભારતીય પ્રવાસીઓની મોટી સંખ્યા ત્યાં ઉમટે છે.૧૫-૧૭મી સદીની ઈમારતો પણ બચી નથી.

તાજેતરમાં જાહેર થયેલા સમાચારો મુજબ હજુ પણ નેપાળમાં મોટો ધરતીકંપ આવવાની શક્યતા નકારી શકાય તેમ નથી.યુ.એસ સીસ્મોલોજીના એક નિષ્ણાંતે વ્યક્ત કરેલ અભિપ્રાય મુજબ હજુ આવેલ ધરતીકંપની માત્રાથી વધુ મોટો ધરતીકંપ આવી શકે છે. તેનાથી હિમાલયને ભારે નુકશાન થવાની વકી છે.પરિણામે લોકો નેપાળમાંથી ઉચાળા ભરી રહ્યા છે.





### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

હજુ તો દિલ્હીમાં નિર્ભયા પર ચાલુ બસે બળાત્કાર ગુજારીને ક્રુરતાથી રહેસી નાખીને નીચે ફેકી દેવાનુ કૃત્ય મગજમાં કમકમાટી ઉપજાવે છે ત્યારે પંજાબમાં ચાલુ બસે છેડતીનો વિરોધ કરી રહેલ મા-દીકરીને બસમાંથી ફેકી દેવાતા દિકરીનું મોત નિપજ્યું છે.અને માતા ગંભીર રીતે ઘાયલ છે.સૌથી અગત્યની બાબત એ છે કે જેમને આખા પંજાબની સલામતી અને રક્ષણ પુરુ પાડવાની જવાબદારી છે તેવા મુખ્યમંત્રીશ્રી બાદલ પરિવારની માલિકીની આ બસ છે.આ જ પરિવારના હરસિમરતકૌર બાદલ કેન્દ્ર સરકારમાં પ્રધાન છે. બાદલ પરિવાર પંજાબમાં રાજકીય રીતે મજબુત છે.પરંતુ શાસક તરીકે સહુ પ્રથમ તેમણે લોકોની સલામતી અને રક્ષણ કરવાની ફરજ બને છે.

દિલ્હીના નિર્ભયાકાંડે આખા દેશમાં પ્રચંડ આક્રોસ જગાડ્યો હતો.ત્યારબાદ નવા કાયદાઓ પણ આવ્યા કે જેથી આવી ઘટનાઓ બનતી અટકાવી શકાય પરંતુ આવી ઘટનાઓ વારંવાર બનતી જ રહી છે અને નિર્દોષ બાળકીઓ ,યુવતી ઓ,અને મહિલાઓ બળાત્કારનો ભોગ બનતી રહે છે. છેલ્લે પશ્ચિમ બંગાળમાં એક ૭૦ વર્ષીય વૃધ્ધ ખ્રિસ્તી સાધ્વીને પણ બળાત્કારનો ભોગ બનાવવામાં આવી હતી.

સમાજમાં સડો પેઠો છે.સમાજશાસ્ત્રીઓએ આગળ આવીને ઝુંબેશ ચલાવવાની જરુરીયાત છે. માત્ર કાયદાઓ દ્વારા પરિવર્તન આવી શકશે નહી કારણકે કાયદાના નિષ્ણાંતો દ્વારા બળાત્કારીઓ નિર્દોષ છુટી જાય છે.

## મંતવ્ય

સાધુ,સંન્યાસીની વ્યાખ્યા બદલાઈ ગઈ છે. સાધુ સંન્યાસી કોને કહેવાય કે જેણે સમાજનો સંસારનો ત્યાગ કરીને માત્ર ઈશ્વરની ખોજમાં લાગી ગયા હોય જેને આજુબાજુની કોઈ પરિસ્થિતિનું ભાન ન હોય, ન ખાવાપીવાનું કંઈ ધ્યાન રહે તેને લોકો સાધુ સંન્યાસી કહેતા.પરંતુ આજના સાધુ સંન્યાસીઓ સેકસની દવા વેચે, ધંધા રોજગાર ચલાવે અને કરોડો રુપીયાની સંપત્તિ એકઠી કરે.રાજકારણમાં આવે અને સત્તા મેળવવા માટે ભગીરથ પ્રયત્નો કરે.પોતાના માટે મંદિરો અને પીઠો ઉભી કરી પોતાનું અલગ સામ્રાજ્ય ઉભુ કરે.ખરેખર આ લોકોને સાધુ સંન્યાસી ના કહેવાય અને સમાજે તેમને ફગાવી દેવા જોઈએ.

કેટલાક સાધુઓ ચારિત્રહિન હોવા છતાં સમાજનો કેટલોક વર્ગ તેમની પુજા કરે,કેવી કઠળાઈ.સાધુઓને કાયદા હેઠળ જેલવાસ ભોગવવો પડે.અને છતાં તેમની બોલબાલા ચાલુ રહે. કેટલાક સાધુઓ દ્વારા વ્યાજે નાણાં ફેરવવાનો ધંધો ધમધોકાર ચાલે.આ બંધુ આ જ દેશમાં ચાલે જ્યાં ધર્મને અફીણની જેમ પીવડાવવામાં આવે અને પીનાર તેનો આદિ બની જાય,પછી તેનો બેફામ દુરપયોગ અફીણ પાનારા કરતા રહે. પાછુ ધર્મના ઠેકેદારો આપણને ધર્મના શાસ્ત્રો આ રીતે જ સમજાવતાં રહે.ગરીબ,મધ્યમવર્ગ અને પછાત અને અશિક્ષિત લોકો આવા લોકોના સકંજામાં આવી ગયા પછી છુટી શકતા નથી અને તેનો તેઓ દુરપયોગ કરતા રહે છે.ઈશ્વર બચાવે આ બધાથી. ભગીરથ એમ.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



આઈસીસીના જણાવ્યા મુજબ ભારતમાં સૌથી વધારે પ્રમાણમાં ખ્રિસ્તીઓની સતાવણી કરનાર રાજ્યોમાં છત્તીસગઢ પ્રથમ સ્થાને આવે છે.આદીવાસી વિસ્તારોમાં હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા ખ્રિસ્તીઓની ભરપુર સતાવણી કરવામાં આવી રહી છે.ખ્રિસ્તીઓને તેમના બંધારણીય અધિકારોથી વંચિત કરવામાં આવ્યા છે. કેટલાક વિસ્તારોમાં તેમને રેશનની દુકાનો પરથી રેશન આપવામાં આવતું નથી. તેમજ સામાજીક બહિષ્કાર કરવામાં આવે છે.આવા બહિષ્કાર કરવા માટે,રેશન નહી આપવા માટે પંચાયતોમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. જે ચિંતાજનક બાબત છે. દેશના વડા પ્રધાને એવી ખાત્રી આપી છે કે દેશમાં તેમની સરકાર લઘુમતીઓના અધિકારોનું રક્ષણ કરશે અને તેમને તેમની ધાર્મિક સ્વાતંત્રતાના હક્કો બરકરાર રાખશે. પરંતુ તેમના સાથે જોડાયેલ કેટલીક કટ્ટરવાદી સંસ્થાઓ તરફથી ભરપુર સતાવણી કરવામાં આવી રહી છે. તેના તેમના સત્તાકાળના દિવસોમાં અનેક પ્રસંગો ઉપસ્થિત થયા છે.

## ભ્રષ્ટાચારને લગતા કાયદામાં સુધારાને કેબિનેટની મંજુરી-સજાની મુદત વધારીને સાત વર્ષ કરાશે

કેન્દ્ર સરકારે દેશમાં વ્યાપેલા ભ્રષ્ટાચારના દુષણને ડામવા માટે કડક પગલાં લેવાનું નક્કી કર્યું છે. સરકાર ભ્રષ્ટાચારના ગુનાને અધમમાં અધમ ગુનો બનાવવા જઈ રહી છે.આ હિલચાલના ભાગરુપે મોદી સરકારે ભ્રષ્ટાચારના કેસમાં ગુનેગાર ઠરેલા આરોપો માટે સજાની મુદત પાંચ વર્ષથી સુધારીને સાત વર્ષ કરવાનો પ્રસ્તાવ રજુ કર્યો છે.આવી જ રીતે લઘુત્તમ સજાની મુદત છ મહિનાથી વધારીને ત્રણ વર્ષની કરાશે.

લાંચ આપનાર એ લાંચ લેનાર બંનેને આકરી સજા કરાશે. સરકારી કર્મચારી સામે કામ ચલાવવા માટે લોકપાલ કે લોકાયુકતની અગાઉથી મંજુરી લેવાની રહેશે.ભ્રષ્ટાચારીની મિલ્કત ટાંચમાં લેવાની સત્તા ટ્રાયલ કોર્ટ એટલે કે સ્પેશીયલ કોર્ટને આપવામાં આવશે.સરકારી કર્માચારીની ફરજોની પરિભાષા કરવામાં આવશે.


લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

ગીડીયોન પોલ પરમાર

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


## રૂપિયા એક હજારની માસિક પેન્સન યોજના કાયમ માટે ચાલુ રખાશે

કેન્દ્ર સરકાર દ્વારા રુ.૧૦૦૦ની લઘુત્તમ માસિક પેન્સન યોજના કાયમ માટે ચાલુ રાખવા નિર્ણય લેવામાં આવ્યો છે.અગાઉ આ સ્કીમનો અમલ ફક્ત માર્ચના અંત સુધી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.પણ સામાજિક સુરક્ષા હેઠળ સિનિયર સીટીઝન્સને લાભ આપવા યોજના ચાલુ રખાશે.પરિણામે આશરે ૨૦ લાખ પેન્શનર્સને લાભ મળશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ મળેલી કેબીનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. એમ્પ્લોયીઝ પેન્સન સ્કીમ ૧૯૯૫ના પેન્સનર્સને આનો લાભ મળતો રહેશે.અગાઉ ઈપીએફઓ દ્વારા ૧ એપ્રીલથી આ યોજના બંધ કરવામાં આવી હતી. ૩૧ માર્ચ પછી આ યોજના ચાલુ રાખવા સરકાર દ્વારા કોઈ સુચના નહીં મળતાં ઈપીએફઓએ તેને સ્થગિત કરવાનો નિર્ણય કર્યો હતો.સરકારે આ સ્કીમ સપ્ટેમ્બર ૨૦૧૪થી શરુ કરી હતી. અને જે લોકો અગાઉ આ સ્કીમ હેઠલ ઓછી રકમ મેળવતાં હતા તેમની પેન્શનની રકમ વધારીને રુ ૧૦૦૦ કરવામાં આવી હતી.જે પેન્સનર્સ ઓર્ગેનાઈઝડ સેકટરમાં કાર્ય કરતા હતા તેમને પેન્સનના લાભ આપવાનો યોજનાનો હેતુ હતો.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# ૫૫ મો ગુજરાત ગૌરવ દિવસ

જન-જનની સુખાકારી એજ ગુજરાતનો સંકલ્પ
ગતિ એ ગુજરાતનો સ્વભાવ છે
ગતિ એ ગુજરાતનો ભાવ છે
ગતિ એજ રીતિ
ગતિ એજ નીતિ
ગતિથી ગુજરાતે દુનિયા જીતી

ભવ્ય ગુજરાત, દિવ્ય ગુજરાત
જય જય ગતિશીલ ગુજરાત

## સૌ ગુજરાતીજનોને
## ગુજરાત ગૌરવ દિવસના હાર્દિક અભિનંદન



શ્રી નરેન્દ્રભાઇ મોદી
માનનીય પ્રધાનમંત્રી



શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત

## રાજ્યકક્ષાની ઉજવણી તાપી જિલ્લામાં

# આશાનો દિવડો જલતો રાખજો. થોડાક હિંસક મનુષ્યો ઘણાબધા લોકો માટે પીડા અને મૃત્યુના વાવેતર કરે એવા આતંકવાદીની કેદ(અમને)મંજુર નથી. શાંતિ એ સૌ કોઇની જવાબદારી છે.(પોપ ફ્રાંસિસ)

દિવસે દિવસે મંદિરો ભવ્ય બનતાં જાય છે, પરંતુ ઉપાસના કથળતી જાય છે. મસ્જીદોની ભવ્યતા વધતી જાય છે તોય બંદગી કરમાતી જાય છે, ચર્ચ અતિ ભવ્ય જણાય, પરંતુ પ્રાર્થનાની ભીનાશ ઘટતી જાય છે. ઈસુને ખુબજ વહાલા લાગે એવા પોપ ફ્રાંસિસ વેટિકનમાં વિરાજમાન છે. તેઓ ગરીબમિત્ર છે અને નોખી માટીના પોપ છે તેઓ કહે છે :

જેની દિવાલોના પોપડા ઉખડી
ગયા હોય
જર્જરીત અને સાફ સુથરુ ન
હોય તેવું ચર્ચ
મને પસંદ છે, કારણ કે
એ કોઈ ફળીયમાં આવેલું છે.

ઈટલીમાં આવેલા એક પવિત્ર ડુંગરને તીર્થસ્થાનનો દરજ્જો પ્રાપ્ત થયો છે. બારમી સદીમાં થઈ ગયેલા સંત ફ્રાંસીસ ઓફ અસ્સિસીને દુનિયાની ખ્રિસ્તી પ્રજા ઈસુ ખ્રિસ્ત પછી સૌથી આદરણીય મહાત્મા ગણે છે. થોડાક દિવસો પહેલા આજના પોપ ફ્રાંસીસે એ પવિત્ર સ્થાનકની મુલાકાત લીધી ત્યારે શું બન્યું ? નામદાર પોપે ત્યાં સહજ ભાવે જે શબ્દો ઉદ્ગાર્યા તે સાંભળો :

શાંતિની આ નગરીમાંથી હું
પુરી શક્તિ સાથે અને
પ્રેમથી લથપથ એવી નમ્રતા
સાથે વારંવાર કહેતો રહીશ કે
આપણે સૃષ્ટિના સર્જનનો
આદર કરીએ
અને વિનાશના હાથા ના
બનીએ

પોપ ફ્રાંસિસના હૃદયમાં દુનિયાના ગરીબોની દુર્દશાની પીડા સતત જીવતી રહે છે. વેટીકનના એપોસ્ટોલિક પેલેસ એમનું નિવાસસ્થાન ગણાય. પોપ ફ્રાંસિસે એવા મહેલ જેવા નિવાસમાં રહેવાનો ઈન્કાર કર્યો અને કહ્યું : “ આચલી જગામાં તો ૩૦૦ જણા રહી શકે તેમ છે.મારે આટલી જગાની જરુર નથી “કહે છે કે બારમી સદીમાં સંત ફ્રાંસિસે ભગવાન સમક્ષ પોતાના વસ્ત્રો ઉતારીને ગરીબો સાથેની એકાત્મકતા પ્રગટ કરી હતી.એ સંતના સ્થાનકે પેલી ટેકરી પર પહોચેલા આજના ના. પોપ લોકોને સંબોધન કર્યું તેમાં કહ્યું : ‘ આપણે સૌએ આ દુન્યવી ઠઠારા ત્યજીને (દ્રવ્યવાદનાં) વસ્ત્રો ખંખેરી નાંખવા જોઈએ. ઈસુના મિજાજ સાથે દુન્યવી ઠઠારનો મેળ પડતો નથી. પૈસાની પુજા અને દુન્યવી માયાજાળ સમાજનું કેન્સર છે. જે આડંબર,ઉધ્ધતાઈ અને અભિમાન તરફ દોરી જાય છે. તમારામાંથી કેટલાક વંચિત લોકોને આ અસભ્ય દુનિયાએ ખંખેરી મુક્યા છે. તેથી રોજગાર નથી અને મદદ નથી. બાળકો ભુખે મરે તેની ચિંતા નથી. ભવ્ય ચર્ચની બહાર દુર દુર ઉભેલા ગરીબ આદમીની લગોલગ ઉભેલા ઈસુને પોપ ફ્રાંસિસ નિહાળતા રહે છે. ‘

કવિ કરસનદાસ માણેકે ઈસુ ખ્રિસ્તને ‘મેરીનંદન’ કહ્યા હતા.ઈસુએ ઉપદેશ આપવાનું શરુ કર્યું એટલે તે કાળે જામી પડેલાં સ્થાપિત હિતો સાવધ થઈ ગયાં.ઈસુની લોકપ્રિયતામાં એમને જોખમ જણાયું. પહેલા નિંદા-કુથલી ચાલી, પછી મશ્કરી થવા લાગી, પછી ગેરસમજ શરુ થઈ. પછી વિરોધ થયો અને છેવટે સજ્જડ વિરોધ થયો. વિરોધની ચરમસીમાએ ઈસુ વધસ્તંભ પર જડાયા. ઈસુ કડવાબોલા હતા. સ્પષ્ટ વ્યક્તા હતા અને ક્રાંતિવીર હતા. એમના ધગધગતા શબ્દોમાં ક્રાંતિનો પ્રતિધ્વનિ આજે પણ સંભળાય છે. :

હું જગતમાં શાંતિ લાવવા માટે જ નથી આવ્યો

રમખાણ મચાવવા માટે પણ આવ્યો છું.બાપ અને દીકરા વચ્ચે,સાસુ અને વહુ વચ્ચે વિરોધ મચશે, સૌથી મોટો કલહ ઘરમાં જાગશે. જે મારા કરતાં માતપિતાની કિંમત વધુ સમજશે કે દીકરા-દીકરીનો મોહ વધુ રાખશે તે મને પામવાને યોગ્ય નથી મને અનુસરવું હોય તો પોતાનો ક્રોસ પોતાને ખભે મુકીને ચાલ્યા આવો.

ઈ.સ.૧૮૬૪ના જીનીવા કન્વેશનની ફલશ્રુતિરુપે આં.રા.રેડક્રોસની સ્થાપના થઈ. યુધ્ધમાં ઘવાયેલા ‘કોઈના લાડકવાયા’ની સારવારનું કરુણામય કાર્ય રેડક્રોસ તરફથી રાષ્ટ્રીયતા કે કોમના ભેદભાવ વિના આજ પર્યંત ચાલી રહ્યું છે.

ઈસુનો ક્રોસ પવિત્ર છે.પરંતુ એ પવિત્રતા રેડક્રોસના સેવાકાર્ય થકી સક્રિય બની. યાદ છે ? અંગ્રેજ નર્સ ફ્લોરેન્સ નાઈટીગેલ(૧૮૨૦-૧૯૧૦) ઈતિહાસમાં ‘લેડી વીથ ધ લેમ્પ’ તરીકે વિખ્યાત બની હતી. એણે હોસ્પીટલમાં દર્દીઓની શુશ્રુષામાં સુધારા કરીને ઈસુનું સ્મરણ પાકુ કરાવ્યું. આજે પણ કોઈ શુભવસ્ત્રાવૃતા એવી સેવાભાવી નર્સને જોવાનું મળે ત્યારે ફ્લોરેન્સ નાઈટેગલનું પાવક સ્મરણ થાય છે. ઈસુની કરુણને પ્રગટ કરનારી બીજી ઘટનાની નોંધ નાતાલના પવિત્ર દિવસોમાં લેવીજ રહી. એકવીસમી સદીનો માનવધર્મ માનવ-અધિકારોની માવજતમાં સમાયો છે.એ અધિકારોની માવજત આજે એમનેસ્ટી ઈન્ટરનેશનલ જેવી સંસ્થા કરી રહી છે.મનના ખુલ્લાપણાની દષ્ટિએ દુનિયામાં આજની ખ્રિસ્તી પ્રજા સૌથી મોખરે છે.

એક યહુદી ધર્માચાર્ય(રાબી) પોતાના સીનાગોગમાં બેઠા હતા.બરાબર એજ વખતે એક સાવ ગરીબ માણસ એમની નજીક આવ્યો અને બોલ્યો : રબ્બાઈ, તમે મને કશું ક આપી શકો ? રબ્બાઈ પાસે ગજવામાં ત્યારે એક ડોલર પણ નહોતો અન્ય કોઈ માણસ હોત તો તેણે કહી દીધુ હોત : સોરી, આજે અત્યારે મારી પાસે તને આપવા માટે કશુંયે નથી ,અને આતો જુદી માટીના રબ્બાઈ હતા.એમણે તો પેલા ગરીબ માણસની વારંવાર માફી માંગતા કહ્યું બંધું મારા તુ મારી સાથે મારા માળ પર આવી શકે ? આવું કહેનાર ધર્માચાર્યનું હૃદય સાવ નબળું પડી ગયું હતું અને પગે સોજા આવ્યા હતા.દાદરના પગથિયાં ચડવામાં તો એમને ભારે તકલીફ થઈ. બંને જણા માળ પર આવેલા ઓરડામાં પહોચ્યા. ધર્માચાર્યે ત્યાં લટકતા પાટલુનનાં ગજવા ફંફોળ્યા. છેવટે થોડાક ડોલર હાથ લાગ્યા.એમણે એ બધા જ ડોલર પેલા ગરીબ માણસને આપી દીધા અને કહ્યું ‘આજે તો આટલા છે પણ કાલે આવજે,કદાચ મારી પાસે થોડા ડોલર હશે’ આ યહુદી ધર્માચાર્યનું નામ શ્લોમો હતું. તેઓનું અવસાન થયું ત્યારે એમની પાસે એક ડોલર પણ નહોતો. એમની દફનવિધી માટે લોકોએ ફાળો એકત્રીત કરવો પડેલો. તેઓ ગરીબમિત્ર હતા.

આશાનો દિવડો જલતો રાખજો. થોડાક હિંસક મનુષ્યો ઘણાબધા લોકો માટે પીડા અને મૃત્યુના વાવેતર કરે એવા આતંકવાદીની કેદ(અમને)મંજુર નથી. શાંતિ એ સૌ કોઈની જવાબદારી છે.(પોપ ફ્રાંસિસ)

લેખક : ગુણવંત શાહ
(સૌ. દિ.ભા)

## મહારાષ્ટ્રમાં ગૌમાંસ પર પ્રતિબંધને માન્ય રાખતી મુંબઇની હાઇકોર્ટ

ગૌમાંસ પર પ્રતિબંધ મુકતા કાયદાની જોગવાઈઓ સામે સ્ટે આપવાનું મુંબઈ હાઈકોર્ટે નકાર્યું હતું.મુંબઈ હાઈકોર્ટ ગૌમાંસ ધરાવવા બદલ આગામી ત્રણ મહિના સુધી ધાકધમકીના કોઈ પગલાં નહીં લેવાનો મહારાષ્ટ્ર સરકારને આદેશ આપ્યો હતો.ન્યાયાધીશો વી.એમ,કાનાડે અને એમ.એસ.સોનકે વચગાળાના તબક્કે કાયદાને નહીં રોકવા માટે ન્યાયિક સંયમ ના સિધ્ધાંતને ટાંક્યો હતો.કારણકે તેની કાનુની પ્રમાણભુતતાને માની લેવાઈ છે.

### જાણવા જેવું !

૧૫મી સદીમાં રશિયાના પીટર ધ ગ્રેટે એક વિચિત્ર કાયદો પોતાના રાજ્યમાં દાખલ કર્યો હતો.જેમાં લોકોને તમાકુ પીવાનું ફરજીયાત બનાવી દેવામાં આવ્યું હતું.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.